અપીલ અરજી નં.૪૬/૦૮–૦૯ તા. ૨૨–૫–૦૮

અરજદારઃ પ્રમુખશ્રી ગોવર્ધન પાર્ક રો હાઉસ અડાજણ સુરત.
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

## હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રમુખશ્રી ગોવર્ધનપાર્ક રો હાઉસ અડાજણની તા.૧૩–૩–૦૮ ની અરજીથી મોજે અડાજણ સર્વે ટીપી નં.૩૨ એફ.પી. નં.૧૦૫ ગોવર્ધન રો હાઉસના (વભાગ– એ અને વિભાગ–બી ) માટે આજ સુધી વખતોવખત મંજુર કરવામાં આવેલ પ્લાનની નકલો વિ.મુદ્દા નં.૧ થી ૪ ની સંપૂર્ણ વિગત પૈકી મુદ્દા નં.૨ થી ૪ બાબત.

સંદર્ભેઃ–(૧)અરજદાર મજકુરની તા.૨૨–૫–૦૮ ની અપીલ અરજી નં.૪૬/૦૮–૦૯
(૨) અરજદાર મજકુરનો તા.૨૯–૫–૦૮નો પત્ર નં.ડી/૨૨૩૩

શ્રી પ્રમુખશ્રી ગોવર્ધનપાર્ક રો હાઉસની તા.૧૩–૩–૦૮ ની અરજીથી મોજે અડાજણ સર્વે ટી.પી નં.૩૨ એફ.પી. નં.૧૦૫ ગોવર્ધન રો હાઉસના (વભાગ– એ અને વિભાગ–બી ) માટે આજ સુધી વખતોવખત મંજુર કરવામાં આવેલ પ્લાનની નકલો વિ.મુદ્દા નં.૧ થી ૪ ની સંપૂર્ણ વિગત પૈકી મુદ્દા નં.૨ થી ૪ બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર પશ્ચિમ ઝોન આ.નં.૧૫૦ તા.૧૧–૪–૦૮ થી આપવામાં આવેલ માહિતી અસ્પષ્ટ અને અધૂરી મળેલ હોવાનું જણાવી અપીલ કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા આપવા જોગ પૂરક માહિતીની વિગતો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૮ તા.૨૬–૫–૦૮થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. તેમજ સંદર્ભ–૨ અન્વયે નં.આરટીઆઈ સેલ/૧૮૩ તા.૩–૬–૦૮ થી પત્ર પાઠવવામાં આવેલ જેનો આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ માહિતી કે પ્રત્યુત્તર મળેલ નથી કે અપીલમાં નિર્દિષ્ટ વિગતો બાબતે આપેલ માહિતીની નકલ રજૂ કરી કોઈ બચાવનામું રજૂ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૩–૩–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી આરટીઆઈ કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદાર ઈચ્છુક હોય તો દફતરી નિરીક્ષણ પુરું પાડી માંગે તે નકલો સહિતની માહિતી અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

*ડે.કમિશનર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

*પ્રતિ*
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) પ્રમુખશ્રી ગોવર્ધન પાર્ક રો હાઉસ,